નવગુજરાત સમય, પાના નંબર :- ૦૨
તારીખ :- ૨૪/૦૩/૨૦૨૫

## મેટ્રો ફેઝ-3 હેઠળ 58.53 કિમીનું વિસ્તરણ કરાશે

# આર્થિક ક્ષમતા ધરાવતા 'કોર સિટી' વિસ્તારોના વિકાસ માટે મુખ્યમંત્રી નગર નવજીવન યોજના

નવગુજરાત સમય > ગાંધીનગર

ગુજરાત સરકારે શહેરોમાં આર્થિક ક્ષમતા અને ઐતિહાસિક મૂલ્ય ધરાવતા 'કોર સિટી' વિસ્તારોના વિકાસ માટે



સરકાર "મુખ્યમંત્રી નગર નવજીવન યોજના" અમલમાં મૂકી છે. આ યોજના એ ગુજરાત સરકાર દ્વારા શહેરી વિસ્તારોના સર્વાંગી વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા અને નાગરિકોની સુવિધા વધારવા માટે શરૂ કરી છે. જેના માટે આગામી વર્ષ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ યોજના હેઠળ શહેરોના માર્કેટ અને કોમર્શિયલ પોટેન્શિયલ ધરાવતા વિસ્તારોમાં 'બ્રાઉનફિલ્ડ પુનર્વિકાસ' દ્વારા આર્થિક તકો ઊભી કરાશે. પસંદગીના વિસ્તારોમાં જૂની ડ્રેનેજ લાઈનો, પાણી પુરવઠાની લાઈનો અને રસ્તાઓના સુધારણા સાથે આ વિસ્તારોને ટકાઉ અને હરિયાળા બનાવાશે. જૂના શહેરી વિસ્તારોના નવીનીકરણ અને સુશોભન પર ધ્યાન કેન્દ્રિત કરાશે. આ યોજના દ્વારા પાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં માળખાકીય સવલતો મજબૂત કરવામાં આવે છે. એવી જ રીતે, શેરી ફેરિયાઓ માટે ૪૩ સ્થળોએ આધુનિક માર્કેટ બનાવવા 'CM મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ યોજના' હેઠળ રૂ. ૮૦ કરોડ ફાળવાયા છે.

ચર્ચાનો જવાબ આપતા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતના શહેરી વિકાસનું 'ગ્રોથ એન્જિન' બન્યું છે. રાજ્યની ૪૮ ટકા વસતી શહેરોમાં વસે છે. આ બજેટ માત્ર ખર્ચ નથી પરંતુ ગુજરાતના શહેરી ભવિષ્યમાં કરાયેલું રોકાણ છે. મોટા શહેરોમાં મેટ્રોની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા માટે અમદાવાદ મેટ્રો ફેઝ-૩ હેઠળ થલતેજથી ગોધાવી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી એરપોર્ટ સુધી ૫૮.૫૩ કિમીનું વિસ્તરણ કરવામાં આવશે. આ મેટ્રો પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ. ૨૨૧૭.૧૦ કરોડની જોગવાઈ કરી છે.

### નવા આયોજન

» શહેરોમાં સ્વદેશી ચીજવસ્તુઓના વેચાણને પ્રોત્સાહન આપવા માટે 'નમો સ્વદેશી અર્બન મોલ્સ' અને મેળાઓના આયોજન કરાશે

» સ્માર્ટ પાર્કિંગ, ઇન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ અને લાસ્ટ માઇલ કનેક્ટિવિટી દ્વારા શહેરોમાં ટ્રાફિકની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે.

» શહેરી સંપત્તિઓની જાળવણી માટે 'જીવન ધારા' યોજના હેઠળ રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.